‘મારી પત્નીનો કેસ છોડી દે, નહીં તો વકીલાત કાઢી નાખીશ’

મહિલા પોલીસ સ્ટેશનમાં વૈવાહિક વિવાદમાં અસીલ મહિલાનો પતિ, તેનો ભાઈ વકીલ પર હુમલો કરી ફરાર

ફરિયાદ નોંધાવવા ૨૫ વકીલ ધક્કે ચઢ્યા

સુરત: ઉમરા પોલીસ સ્ટેશનની બિલ્ડિંગ નીચે આવેલાં મહિલા પોલીસ સ્ટેશનમાં દંપતીની તકરારમાં પત્ની તરફે હાજર થયેલા વકીલ પર પતિએ હુમલો કરતાં આ બાબતની વકીલની ફરિયાદ નોંધવા બાબતે ૨૫ જેટલા વકીલોને ઉમરા પોલીસે ધક્કે ચઢાવ્યા હતા. સુરત બારના સેક્રેટરી મુકુંદ રામાણીએ જણાવ્યું હતું કે, વકીલ પર હુમલો થતાં ૨૫ જેટલા વકીલો ઉમરા પોલીસ સ્ટેશને ધસી ગયા હતા. જ્યાં ફરિયાદ આપવાની તજવીજ કરતાં પોલીસે આ ઘટના મહિલા પોલીસ સ્ટેશનમાં બની હોવાથી ફરિયાદ લેવાની સ્પષ્ટ ના પાડી દઈ ઉમરા પોલીસ અને મહિલા પોલીસ સ્ટેશનની વચ્ચે ફરિયાદ નોંધવા બાબતે વકીલોને ચાર વખત ઉપર નીચે થવું પડ્યું હતું. આખરે કંટાળીને એસીપી મલ્હોત્રાને ફોન કરતાં ઉમરા પોલીસે વકીલની ફરિયાદ નોંધી હતી.

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં રહેતા વકીલ વિકી સિરસાઠ પોતાની અસીલ મહિલા સાથેના વૈવાહિક વિવાદના સમાધાન માટે મહિલા પોલીસ સ્ટેશનમાં નિવેદન નોંધાવવા જતાં અસીલના પતિએ મારી પત્નીને છોડી દે, નહીં તો વકીલાત કાઢી નાખીશ’ કહી મારી નાખવાની ધમકી આપી બે ભાઈએ હુમલો કર્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ડીંડોલીના શ્યામ રેસિડેન્સી ખાતે રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા વિકી કાશીનાથ શિરસાઠ (ઉં.વ.૩૨) પોતાના અસીલ મમતાબેનના કેસ સંદર્ભે મહિલા પોલીસ સ્ટેશન સેક્ટર-૧ ખાતે ગયા હતા. અસીલની અરજીના અનુસંધાને નિવેદન નોંધાવવા માટે ગયેલા વકીલ સાથે સામાવાળા પક્ષના નિલેશ રવીન્દ્ર ઈશી અને તેનો ભાઈ યોગેશ રવીન્દ્ર ઈશી (બંને રહે. શ્રમજીવી સોસાયટી, ઉમરાગામ, સુરત) હાજર હતા. મહિલા પોલીસ સ્ટેશનની અંદર જ સમાધાન અંગે વાતચીત ચાલી રહી હતી ત્યારે આરોપી નિલેશ ઈશીએ ઉશ્કેરાઈ જઈ વકીલ વિકી શિરસાઠને પાછળથી જોરથી મુક્કો મારી દીધો હતો. ત્યારબાદ ‘તૂ વકીલ છે તો શું તોડી લેશે, મારી પત્નીનો કેસ છોડી દે નહીતર તારી વકીલાત કાઢીને તને જાનથી મારી નાખીશ’ તેવી ધમકી આપી હતી. ભાઈ યોગેશ ઈશીએ પણ વકીલને ગાળો આપી જાનથી મારી નાખવાની અને અસીલના કેસથી દૂર રહેવાની ધમકી આપી હતી. ઘટના બાદ બંને ભાઈઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. વકીલ વિકી શિરસાઠની ફરિયાદના આધારે ઉમરા પોલીસે ગુનો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે.

પતિ સાથે બોલાચાલી થયા બાદ પરિણીતાનો પાંચમા માળેથી ભૂસકો

વેસુની સુમન ભાર્ગવ આવાસની ઘટનામાં મોબાઈલ જોવા મુદ્દે પતિ સાથે પરિણીતાની માથાકૂટ થઈ હતી

પરિણીતાને તાકીદે સારવાર માટે નવી સિવિલ હોસ્પિ.માં ખસેડાઈ પણ સારવાર દરમિયાન મોત

સુરત : સુરતના વેસુ વિસ્તારમાં મોબાઈલ ફોન જોવા બાબતે પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડાએ કરુણ વળાંક લીધો હતો. સુમન ભાર્ગવ આવાસમાં રહેતી 35 વર્ષીય પરિણીતાએ રાત્રિના સમયે પાંચમા માળેથી કૂદી પડતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે તેને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

મળતી માહિતી મુજબ, રેખા સાગર ખેરનાર પતિ અને બે પુત્રી સહિતના પરિવાર સાથે વેસુ સ્થિત સુમન ભાર્ગવ આવાસમાં રહેતી હતી. ગઈકાલે રાત્રે મોબાઈલ ફોન જોવા બાબતે રેખા અને તેના પતિ વચ્ચે બોલાચાલી થઈ હતી.

ઝઘડા બાદ રેખા ગુસ્સામાં આવી ઘરના પાંચમા માળેથી નીચે કૂદી પડી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત રેખાને 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. જોકે, હોસ્પિટલમાં તબીબોએ તપાસ બાદ તેને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ થતાં અલથાણ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, હાલના સમયમાં પતિ અને પત્ની વચ્ચેની માથાકૂટમાં પત્ની દ્વારા આપઘાત કરવાના બનાવો વધી રહ્યા છે. લોકોમાં સહનશક્તિ ઘટી રહી હોવાથી આ પ્રકારની ઘટનાઓ બની રહી છે.

પાંડેસરામાં વિના ડિગ્રીના ૮ બોગસ ડોક્ટર ઝડપાયા

એક મહિના પહેલાં નકલી ડોક્ટરની સારવારથી ૧૪ વર્ષનાં કિશોરનું મોત નીપજ્યું હતું, જેને પગલે એસઓજી પોલીસે ૮ સ્થળે ડમી પેશન્ટ મોકલી રેડ કરી

સુરત: પાંડેસરા વિસ્તારમાં કોઈપણ જાતની માન્ય ડિગ્રી વગર દવાખાના ખોલીને ગરીબ અને નિર્દોષ લોકોના આરોગ્ય અને જીવ સાથે ચેડાં કરતાં ૮ જેટલા બોગસ ડોક્ટરોને સુરત શહેર પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમે દરોડા પાડીને ઝડપી પાડ્યા છે. ઝડપાયેલા કથિત ડોક્ટરો પાસેથી કમ્પાઉન્ડર કે ઓ.ટી. આસિસ્ટન્ટનો અનુભવ તેમજ સગા-સંબંધીઓની ડિગ્રીના જોરે પ્રેક્ટિસ ચલાવતા હોવાનું બહાર આવ્યું છે.

મળેલી વિગતો અનુસાર, લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર રમત રમાતી હોવાની SOGને બાતમી મળી હતી. જેના આધારે પોલીસ દ્વારા 8 અલગ-અલગ જગ્યાએ ડમી પેશન્ટ મોકલીને ખાતરી કરવામાં આવી હતી. હકીકત સાચી જણાતા જિલ્લા આરોગ્ય વિભાગ અને પોલીસની અલગ અલગ ટીમો બનાવીને એકસાથે તમામ 8 સ્થળે મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. દરોડા દરમિયાન જાણવા મળ્યું હતું કે અનેક જગ્યાએ નાની દુકાનોમાં જ ક્લિનિક શરૂ કરી દેવામાં આવી હતી અને ક્લિનિક બહાર કોઈ નામ કે ડિગ્રીના બોર્ડ પણ મારવામાં આવ્યા નહોતા. આ દરોડા દરમિયાન ક્લિનિકની હાલત જોઈને તપાસ ટીમો પણ ચોંકી ઊઠી હતી. આ બોગસ ડોક્ટરો ખાસ કરીને ઔદ્યોગિક વિસ્તારમાં રહેતા અને કામ કરતા શ્રમિકોને ટાર્ગેટ કરતાં હતા. કોઈપણ માન્ય મેડિકલ ડિગ્રી ન હોવા છતાં, તેઓ ભોળા શ્રમિકોને એલોપેથીની ભારે દવાઓ આપતા હતા અને બીમારીની સારવારના નામે રીતે બાટલા પણ ચડાવતા હતા. પિતાની BHMS ડિગ્રી અને ભાઈની BAMS ડિગ્રીનો આધાર આપીને કેટલાક આરોપીઓ ગેરકાયદે રીતે પ્રેક્ટિસ કરતા ઝડપાયા છે. દરોડા દરમિયાન તમામ સ્થળેથી અલગ-અલગ પ્રકારની એલોપેથીક દવાઓ, ઇન્જેક્શન અને સિરપ સહિત કુલ 98825 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ તમામ બોગસ તબીબો વિરુદ્ધ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ગુનો રજિસ્ટર કરવામાં આવ્યો છે અને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

નકલી ડોક્ટરની બેદરકારીથી કિશોરનું મોત થયું હતું

પકડાયેલા 8 આરોપીઓ પૈકી પાર્થ કાલીભદ્ર દેવનાથનો ગંભીર ગુનાહિત ઈતિહાસ પણ સામે આવ્યો છે. આ આરોપી અગાઉ ‘સ્વસ્તીક ક્લિનિક’ના નામથી દવાખાનું ચલાવતો હતો. આજથી એક મહિના પહેલાં તેણે 14 વર્ષના અભિષેક સિંહ નામના પેશન્ટની સારવાર કરી હતી, જેમાં ડોક્ટરની બેદરકારીના કારણે કિશોરનું મોત નીપજ્યું હતું. તેમ છતાં તે નવું ક્લિનિક ખોલીને લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યો હતો.

એક તો ૧૯ વર્ષની ઉંમરે જ ડોક્ટર બની ગયો

ઝડપાયેલા આઠ આરોપીઓમાં ૨૧ વર્ષીય સજલ સમીર બિશ્વાસનો કિસ્સો ખાસ ચોંકાવનારો છે. ધોરણ-૧૨ પાસ સજલ અગાઉ કમ્પાઉન્ડર તરીકે કામ કરતો હતો. પોલીસના જણાવ્યા મુજબ, છેલ્લા બે વર્ષથી પાંડેસરામાં ‘સાઈ બાબા ક્લિનિક’ ચલાવી તબીબી લાયકાત વિના દર્દીઓની સારવાર કરતો હતો. એટલે કે માત્ર ૧૯ વર્ષની ઉંમરથી જ તેણે ડોક્ટર તરીકે સારવાર શરૂ કરી હોવાનો પોલીસનો આરોપ છે.

ઝડપાયેલા બોગસ ડોક્ટરોની ‘કારકિર્દી’:

૧. પાર્થ કાલીભદ્ર દેવનાથ (ઉ.વ.૪૦): રણછોડનગર સોસાયટીમાં ‘પ્રિન્સ ક્લિનિક’ ચલાવતો હતો. ધોરણ-૧૨ પાસ છે, પિતા BHMS ડોક્ટર હોવાથી ૯ મહિનાથી ક્લિનિક ચલાવતો હતો.

૨. સિદ્ધાર્થ કાલીભદ્ર દેવનાથ (ઉ.વ.૩૮): ઈશ્વરનગરમાં ‘એસ.કે. ક્લિનિક’ ચલાવતો હતો. ધોરણ-૧૨ પાસ, પિતાની ડિગ્રીના અનુભવે ૪ વર્ષથી પ્રેક્ટિસ કરતો હતો.

૩. વિનોદકુમાર રામ મિલન સહાની (ઉ.વ.૩૬): શિવમ નગર સોસાયટીમાં ‘એન્જલ ક્લિનિક’ ચલાવતો હતો. હોસ્પિટલમાં ઓ.ટી. આસિસ્ટન્ટ તરીકે નોકરી કર્યા બાદ ૩ વર્ષથી પ્રેક્ટિસ કરતો હતો.

૪. મનોરંજન રઘુનાથ બિસ્વાલ (ઉ.વ.૫૪): હરિઓમ નગર સોસાયટીમાં ‘પ્રગતિ ક્લિનિક’ ચલાવતો હતો. B.Sc. થયેલો છે અને ભાઈ BAMS હોવાથી ૨ વર્ષથી ક્લિનિક ચલાવતો હતો.

૫. સજલ સમીર વિશ્વાસ (ઉ.વ.૨૧): બમરોલી, ગણેશ કોમ્પ્લેક્સમાં ‘સાઈ બાબા ક્લિનિક’ ચલાવતો હતો. ધોરણ-૧૨ પાસ અને હોસ્પિટલમાં કમ્પાઉન્ડરના અનુભવ પરથી ૨ વર્ષથી ક્લિનિક ચલાવતો હતો.

૬. વિજય બાબુલાલ યાદવ (ઉ.વ.૫૫): રાધેશ્યામ નગરમાં મેડિકલ સ્ટોર્સના પ્રથમ માળે નામ વગરનું ક્લિનિક ચલાવતો હતો. ધોરણ-૧૨ પાસ અને ૧૫ વર્ષ કમ્પાઉન્ડર રહ્યા બાદ છેલ્લા ૫ વર્ષથી પ્રેક્ટિસ કરતો હતો.

૭. સંદીપ બાપુરાવ સોનવણે (ઉ.વ.૪૯): બમરોલી-ગોવાલક રોડ પર માત્ર ‘દવાખાના’ લખેલું ક્લિનિક ચલાવતો હતો. ધોરણ-૧૨ પાસ અને ૮ વર્ષ કમ્પાઉન્ડરનો અનુભવ હોવાથી ૬ વર્ષથી પ્રેક્ટિસ કરતો હતો.

૮. શ્યામનારાયણ યમુનાપ્રસાદ ગુપ્તા (ઉ.વ.૫૩): શિવમ નગર સોસાયટી-૨માં ‘શ્યામ ક્લિનિક’ ચલાવતો હતો. B.Sc. થયેલો છે અને બનારસ ખાતે ક્લિનિકમાં કામ કર્યા બાદ અહીં ૧૦ વર્ષથી પ્રેક્ટિસ કરતો હતો.

ગોથાણ બ્રિજ પર ટ્રક પાછળ બાઈક અથડાતાં યુવકનું મોત

વેપાર માટે બાઈક લઈને નીકળ્યો, ઘરે લાશ પહોંચી

સુરતઃ પીપોદરા ખાતે રેડિમેઈડ કપડાંનો વેપાર કરવા જઈ રહેલા પાંડેસરાના ૩૫ વર્ષીય કૈલાસની બાઈક અજાણ્યા ટ્રક સાથે અથડાતાં ગંભીર અકસ્માત થયો હતો. કૈલાસનું મોત નીપજતાં ૧૨ વર્ષના પુત્રે પિતાની છત્રછાયા ગુમાવી છે.

સુરતના ગોથાણ બ્રિજ પર બનેલા અકસ્માતમાં રોજગારી માટે બાઈક લઈને નીકળેલા ૩૫ વર્ષીય યુવકનું કરુણ મોત થયું હતું. પાંડેસરાના શ્રીરામનગરમાં રહેતા કૈલાસ જય રેડિમેઈડ કપડાંની ફેરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. બુધવારે સવારે તેઓ વેપાર અર્થે પીપોદરા જઈ રહ્યા હતા ત્યારે ગોથાણ બ્રિજ ઊતરતી વખતે તેમની બાઈક અજાણ્યા ટ્રક પાછળ અથડાઈ હતી. અકસ્માતમાં કૈલાસને ગંભીર ઈજાઓ પહોંચતાં ઘટના સ્થળેથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. કૈલાસ મૂળ ઓરિસ્સાના ગંજામના વતની હતા અને હાલ પરિવાર સાથે પાંડેસરામાં રહેતા હતા. રેડિમેઈડ કપડાંની ફેરી કરી તેઓ પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતા હતા. તેમના પરિવારમાં ૧૨ વર્ષનો પુત્ર છે. સવારે રોજગાર માટે ઘરેથી નીકળેલા કૈલાસના અકસ્માતના સમાચાર મળતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. એક તરફ પરિવારના મુખ્ય આધારસમાન વ્યક્તિ ગુમાવ્યાનું દુઃખ છે, તો બીજી તરફ ૧૨ વર્ષના પુત્રના માથે પિતાની છત્રછાયા છીનવાઈ ગઈ છે. પોલીસે અકસ્માત અંગે તપાસ હાથ ધરી અજાણ્યા ટ્રક ચાલક અંગે વધુ વિગતો મેળવવાની કાર્યવાહી શરૂ કરી છે.

લોકોને દંડ કરતી મનપાના પ્લોટમાં પાણી ભરાતાં મચ્છરોનો ઉપદ્રવ

સુરત: શહેરના અતિ મહત્ત્વના અને પોશ ગણાતા ગૌરવ પથ રોડ પર આવેલા સુરત મહાનગરપાલિકાના રિઝર્વ પ્લોટમાં છેલ્લા ઘણા સમયથી મોટી માત્રામાં પાણી ભરાઈ જતાં આખો પ્લોટ તળાવમાં ફેરવાઈ ગયો છે. આ ભરાયેલા બંધિયાર પાણીમાંથી દુર્ગંધ મારવા લાગી છે અને ત્યાં મોટા પાયે મચ્છરોનો ભારે ઉપદ્રવ સર્જાયો છે. આસપાસના વિસ્તારોમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ ગંભીર આરોગ્ય વિષયક સમસ્યાને ધ્યાને રાખીને પૂર્વ કોર્પોરેટર ઉષાબેન પટેલે મહાનગરપાલિકાના સંબંધિત વિભાગના અધિકારીઓનું ધ્યાન દોર્યું છે. તેમણે મનપા તંત્ર સમક્ષ માંગ કરી છે કે, રિઝર્વ પ્લોટમાં ભરાયેલા પાણીનો ત્વરિત ધોરણે નિકાલ કરાવવામાં આવે તેમજ સ્થળ તપાસ કરાવીને મચ્છરજન્ય ઉપદ્રવ અટકાવવા દવાનો છંટકાવ સહિતની યોગ્ય કાર્યવાહી કરવામાં આવે, જેથી સ્થાનિક નાગરિકોને દુર્ગંધ અને મચ્છરોના ત્રાસમાંથી કાયમી રાહત મળી શકે.

રત્નમાલા જંક્શન બ્રિજનો બીજો ભાગ નવરાત્રિમાં ચાલુ કરો: પૂર્વ મેયર

સુરતઃ કતારગામ કાંસાનગરથી અમરોલીને જોડતા રત્નમાલા જંક્શન પર રોજના પિક અવર્સ દરમિયાન સર્જાતા ટ્રાફિક જામની સમસ્યા હલ કરવા માટે સ્થાનિક કોર્પોરેટર અને પૂર્વ મેયર દક્ષેશ માવાણી હરકતમાં આવ્યા છે. આ બ્રિજ નિર્ધારિત સમય કરતા બે વર્ષ મોડો છે, અગાઉ માવાણી મેયર હતા ત્યારે અધિકારીઓ અને ઈજારદારોને આડે હાથ લેતાં કતારગામથી અમરોલી તરફ જતા એક ભાગનું લોકાર્પણ થઈ ગયું હતું. જ્યારે બીજા ભાગ માટે બે મહિનાની ખાતરી ઈજારદારે આપી હતી. તેના છ માસ થવા છતાં હજુ બીજો ભાગ ખુલ્લો નહીં મુકાતાં અકળાયેલા દક્ષેશ માવાણીએ બુધવારે અધિકારીઓ અને ઈજારદાર સાથે સ્થળ વિઝિટ કરી બધાને આડે હાથ લીધા હતા અને નવરાત્રિમાં ખુલ્લો મૂકવા અલ્ટિમેટમ આપ્યું છે.

આ વિઝિટ દરમિયાન અમરોલી તરફ આવેલું BRTS બસ સ્ટેન્ડ હટાવીને ત્યાં બ્રિજનો રેમ્પ બનાવવાની પ્રક્રિયા ત્વરિત ધોરણે હાથ ધરવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે.

આ બ્રિજ ચાલુ થવાથી ચાર રસ્તા પરનું ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે ઘટશે. સાથોસાથ, ભવિષ્યમાં ટ્રાફિકનો કાયમી ઉકેલ લાવવાના ભાગરૂપે અમરોલી બ્રિજ પહોળો કરવા (વાઇડનિંગ) માટે તાત્કાલિક કન્સલ્ટન્ટની નિમણૂક કરી આગળની પ્રક્રિયા ઝડપથી આટોપી લેવા સંબંધિત વિભાગોને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ અપાઈ હતી.

એક વર્ષમાં ઈ-વાહનને 30.73 કરોડની ટેક્સ માફી

રાહતની રકમમાં ફોર-વ્હીલરનો હિસ્સો 87 ટકા, સરેરાશ એક ઈ-કારને રૂ.69,973ની ટેક્સ માફી

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા ગ્રીન ઈ-વ્હીકલ પોલિસી અંતર્ગત આપવામાં આવેલી 100 ટકા ટેક્સ રાહતના આંકડાઓ પરથી શહેરમાં ઈ-વાહનો તરફ વધી રહેલા વલણની સાથે મનપાની આવક પર પડતી અસર પણ સ્પષ્ટ થઈ છે. વાહનકર વિભાગના આંકડા મુજબ તા. 9 જૂન 2024થી તા. 9 જૂન 2025 સુધીના એક વર્ષમાં કુલ 19,190 ઈલેક્ટ્રિક વાહનોને રૂ.30,73,94,570ની ટેક્સ રાહત આપવામાં આવી છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે 19,190 ઈ-વાહનોમાંથી લગભગ પાંચમાંથી ચાર વાહન ટુ-વ્હીલર છે, પરંતુ ટેક્સ રાહતની કુલ રકમમાં ફોર-વ્હીલરનો હિસ્સો સૌથી મોટો છે. એક વર્ષમાં મનપાએ સરેરાશ ગણતરીએ પ્રતિ ઈ-વાહન આશરે રૂ.16,016ની ટેક્સ રાહત આપી છે. આ આંકડા ગ્રીન ઈ-વ્હીકલ પોલિસી હેઠળ ઈલેક્ટ્રિક વાહનોના પ્રકાર પ્રમાણે મનપાને છોડવી પડેલી ટેક્સ આવકમાં મોટો તફાવત દર્શાવે છે.આ પૈકી સૌથી વધુ 15,092 ઈ-ટુ-વ્હીલરને રૂ.3,71,23,991ની રાહત મળી છે. એટલે કુલ લાભાર્થી ઈ-વાહનોમાં ટુ-વ્હીલરનો હિસ્સો આશરે 78.6 ટકા છે.

જોકે રાહતની રકમની દૃષ્ટિએ ટુ-વ્હીલરનો હિસ્સો માત્ર 12.1 ટકા જેટલો છે. એક ઈ-ટુ-વ્હીલર દીઠ સરેરાશ આશરે રૂ.2,460ની ટેક્સ રાહત થઈ છે. બીજી તરફ માત્ર 3,824 ઈ-ફોર-વ્હીલરને રૂ.26,75,78,284ની ટેક્સ રાહત અપાઈ છે. સંખ્યાની દૃષ્ટિએ તેનો હિસ્સો 20 ટકા કરતાં પણ ઓછો છે, પરંતુ કુલ ટેક્સ રાહતમાં ફોર-વ્હીલરનો હિસ્સો 87 ટકા જેટલો છે.

એટલે કે ઈ-કારોની સંખ્યા ટુ-વ્હીલરની સરખામણીએ ઘણી ઓછી હોવા છતાં મનપાની માફી થયેલી રકમનો મોટો હિસ્સો ઈ-ફોર-વ્હીલરમાં ગયો છે. એક ઈ-ફોર-વ્હીલર દીઠ સરેરાશ રાહત રૂ.69,973 જેટલી થાય છે. થ્રી-વ્હીલરના 165 વાહનોને રૂ.16,20,668, જ્યારે અન્ય કેટેગરીના 109 વાહનોને રૂ.10,71,626ની ટેક્સ રાહત આપવામાં આવી છે. આમ, આ બે કેટેગરી મળીને માત્ર 274 વાહન છે, પરંતુ રૂ.27.92 લાખથી વધુની રાહત મેળવી છે.

આંકડાઓ શું કહે છે?

વાહનનો પ્રકાર	વાહનોની સંખ્યા	ટેક્સ રાહત	પ્રતિ વાહન સરેરાશ રાહત
ઈ-ટુ-વ્હીલર	15,092	રૂ.3.71 કરોડ	રૂ.2,460
ઈ-થ્રી-વ્હીલર	165	રૂ.16.20 લાખ	રૂ.9,822
ઈ-ફોર-વ્હીલર	3,824	રૂ.26.75 કરોડ	રૂ.69,973
અન્ય	109	રૂ.10.71 લાખ	રૂ.9,831
કુલ	**19,190**	**રૂ.30.73 કરોડ**	**રૂ.16,016**

મશીનરી લોન કૌભાંડમાં વધુ એકની ધરપકડ

બોગસ પેઢીના નામે રૂ.૧ કરોડની સીસી લોન લેનાર અશોકની પત્ની શીતલ ઝડપાઈ; બે દિવસનાં રિમાન્ડ

સુરતઃ રિંગ રોડ સ્થિત તમિલનાડુ મર્કન્ટાઈલ બેન્કમાંથી મશીનરી લોનના નામે રૂ.૧૬.૫૧ કરોડના કથિત કૌભાંડમાં ઈકો સેલની તપાસ દરમિયાન વધુ એક લોનધારકની ધરપકડ કરવામાં આવી છે. અગાઉ આ જ કેસમાં બેન્ક મેનેજર સુંદર રાજેન્દ્રન સુમ્બીયાહ સહિત કુલ ૨૭ સામે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાઈ હતી. તપાસમાં સામે આવેલી વિગતો મુજબ બેન્કના તત્કાલીન મેનેજર સુંદર રાજેન્દ્રન સુમ્બીયાહે અગાઉ જે વેલ્યુઅર સામે ફરિયાદ થઈ હતી તે સહિત કુલ ત્રણ વેલ્યુઅર અને ૧૭ લોનધારકો સાથે મળી વિવિધ ધંધા માટે લોન મંજૂર કરાવી હોવાનો આક્ષેપ છે. લોનની રકમનો અન્યત્ર ઉપયોગ કર્યા બાદ તેની ભરપાઈ નહીં કરવામાં આવતાં સમગ્ર મામલો તપાસ હેઠળ આવ્યો હતો.

આ ગુનામાં યાર્નનો ધંધો ન હોવા છતાં બોગસ પેઢી ‘મેરિલ એન્ટરપ્રાઈઝ’ના નામે ખાતું ખોલાવી રૂ.૧ કરોડની સીસી લોન મેળવનાર અશોક કાળુભાઈ કાનપરીયાની ઈકો સેલે અગાઉ ધરપકડ કરી હતી.

તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, અશોક કાનપરીયાએ તેની પત્ની શીતલના નામે દર્શાવાયેલી બોગસ પેઢી ‘જાનુ એન્ટરપ્રાઈઝ’ના નામે પણ રૂ.૧ કરોડની લોન મેળવી હતી. ઉપરાંત તેના ભાઈ સંજયની બોગસ પેઢી ‘સિદ્ધાર્થ ફેશન’ના નામે રૂ.૭૫ લાખની લોન લેવામાં આવી હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે.

આથી ઈકો સેલે ગત મંગળવારના રોજ શીતલબેન અશોકભાઈ કાનપરીયા (ઉ.વ.૪૨) (રહે.,સ્કાયનંદ એપાર્ટમેન્ટ વિભાગ-2, વીટીનગર સર્કલ પાસે, સરથાણા જકાતનાકા, સુરત, મૂળ રહે.,હામાપર, તા.બગસરા, જિ.અમરેલી)ની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ તેમને કોર્ટમાં રજૂ કરતાં તપાસ અર્થે બે દિવસનાં રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં છે.

SURAT MUNICIPAL CORPORATION
FIRE AND EMERGENCY SERVICES
E-Tender No. Deputy Commissioner/FES/07/2026-27

E-Tender (Online) Notice No. Deputy Commissioner/FES/07/2026-27. Tender are invited for the following works through online on https://smctender.nprocure.com

	NAME OF THE DEPARTMENT	FIRE & EMERGENCY SERVICES
2	NO. OF WORKS	01
3	TOTAL ESTIMATED COST OF TENDER (RS. IN CRORE)	1.80

The detail Tender notice will be made available on web site www.suratmunicipal.gov.in or www.suratmunicipal.org
P.R.O. No. 234/2026-27 Deputy commissioner
Date: 16/09/2026 Surat Municipal Corporation

ઓનલાઇન ટેન્ડરીંગ
માર્ગ અને મકાન વિભાગ, ભરૂચ
જાહેર નિવિદા નં. ૧૨ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના નામે અને વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી ભરૂચ (મા.મ) વિભાગ, ગાયત્રીનગર, ભરૂચ કોડ નં. ૩૯૨૦૦૧ (ફોન નં. ૦૨૬૪૨-૨૬૧૩૯૪) હસ્તક આવેલ મકાનોના રીપેરીંગના ૦૭ કામ રોડ રીપેરીંગના ૦૧ કામ તેમજ ટી.પી.આઈના ૦૨ કામ જે કુલ ૧૦ કામના ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. જેની અંદાજી કિંમત રૂા.૪.૧૬ લાખ થી રૂા.૬૪૨.૮૬ લાખ વચ્ચે છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ http:/tender.nprocure.com વેબસાઈટ ઉપર તા. ૨૮/૦૯/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહીતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. નિવીદામાં થનાર ફેરફાર વેબસાઈટ પર જોવા મળશે.

માહિતી/ભરૂચ/૩૦૫/૨૦૨૬

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ઈ- ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૪૦૧/૨૬-૨૭	સયાજીબાગ ઝૂ	૦૧	૪૦,૦૦,૫૦૦/-
૨	૪૦૨/૨૬-૨૭	રોડ પ્રોજેક્ટ	૦૧	૧,૨૫,૦૦,૦૦૦/-
૩	૪૦૩/૨૬-૨૭	પા.પુ.(વિતરણ)	૦૧	૭૫,૦૦,૦૦૦/-

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
પી.આર.ઓ.નં.૪૦૭/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

(ટૂંકી મુદતની જાહેર નિવિદા નં-૯ સને. ૨૦૨૬-૨૭)

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી ના.કા.ઇ. (મા×મ) પેટા-વિભાગ માંડવી દ્વારા અત્રેની પેટા વિભાગીય કચેરી હસ્તક આવેલ રેસ્ટ હાઉસ તથા ઓફીસ ખાતે અપકીપીંગની સુવિધા પુરી પાડવાની કામગીરી કરવા માટે ઈ-૧ તથા તેની ઉપરની કક્ષાના નોંધણી ધરાવનાર માન્ય ઈજારદારો પાસેથી રજી.પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ થી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની તારીખ: ૨૨/૦૯/૨૦૨૬ અને પરત મેળવવાની તારીખ: ૨૯/૦૯/૨૦૨૬. આ કામોની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે કચેરીના જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઇજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

નાયબ કાર્યપાલક ઇજનેર
(મા×મ) પેટા વિભાગ
માંડવી
ક્રમાંક: માહિતી-સુરત/૬૧૧/૨૦૨૬

બૅન્ક ઑફ બરોડા Bank of Baroda
આશાનગર શાખા : જશ આર્કેડ, કિષ્ણા સોસાયટી, આશા નગર, નવસારી ગુજરાત–૩૯૬૪૪૫, ફોન નં. ૨૩૫૨૫૫૩૪૭૧
email : vjnavs@bankofbaroda.com

પરિશિષ્ટ ૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ

નીચે સહી કરનાર બૅંક ઑફ બરોડા, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,